સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

પી ગયા પ્રતિષ્ઠા બેન્કની, ને ખાલી કરી નાખી,
વિકાસના નશામાં બેન્કોને પ્યાલી કરી નાખી
દેશનું કરી નાખી વિકાસ ભાગી ગ્યો વિદેશ -
વચનની આબરૂ તદ્દન જાલી કરી નાખી !

હાઈકુ

ધનિકો દ્વારા -
સમૂહ બળાત્કાર !
થ્યો બેન્કો પર...

વિદેશી પંખી
ખાઈ પી મોજ માણી,
ને ઉડી ગયાં...

ચિંતન

સાધુ ચરિત સુભચરિત કપાસૂ, નિરસ બિસદ ગુનમય ફલ જાસૂ ।
જો સહિ દુઃખ પર છિદ્ર દુરાવા, બંદનાય જે બિ જગ જસુ પાવા ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

સાધુનું ચરિત્ર કપાસના ચરિત્ર સમાન શુભ છે, જેનું ફળ નીરસ, ઉજ્જવળ અને ગુણમય છે. જે સ્વયં દુઃખ સહન કરી પારકાના દોષોને ઢાંકે છે, જેથી જગતમાં વંદનીય અને યશસ્વિતા પ્રાપ્ત કરે છે.

કપાસ ઉજ્જવળ તો છે, પરંતુ તેની ઉપર બીજા રંગ ચઢે છે, સાધુ ચરિત સ્વચ્છ રહે છે, જેની ઉપર 'ચઢે ન દૂજો રંગ' એ એની વિશેષતા છે. કપાસનું ફળ સ્વાદમાં રસરહિત છે, સાધુ વિષયોમાં નીરસ છે. તેનામાં અનાસક્તિભાવ હોવાથી તેને કર્મફળનો ભોગ કરવો પડતો નથી.

જેમ કપાસમાં સૂત્ર, તંતુ વગેરે ગુણો ગુપ્ત રીતે રહેલા હોય છે. સાધુમાં પણ સર્વ સદ્‌ગુણ રહેલા છે. કપાસમાંથી ઉપરનાં પડ નીકળ્યા પછી શુદ્ધ રૂ મળે છે. સાધુમાંથી પણ સત્ત્વ, રજ, તમ, ગુણ નીકળી જતાં આત્મજ્ઞાન મળે છે.

સુવિચાર

- શનિ નડે છે એટલે બધાને હનુમાન ચાલીસા મોઢે હોય છે, પણ કૃષ્ણ કોઈને નડતા નથી બાકી આખી ગીતા મોઢે હોત - **ચંદ્રકાન્ત મહેતા**
- અર્પણ કોઈને એવી રીતે થાવ કે એને સમર્પણ કરવું જ પડે - **વજુ કોટક**
- પ્રયત્ન જ એવા ઝનૂનથી કરો કે જયારે તમે હારી જાવ ત્યારે જીત ખુદ આવીને કહે કે, માફ કરજે ભાઈ મજબૂરી હતી - **ચિત્રલેખા**
- એ લોકો તમારી કિંમત કયારે નહીં સમજી શકે જેના માટે તમે કાયમ અવલેબેલ રહો છો - **પારિજાત પટેલ**
- માનવીના બધા જ ગુણોમાં સાહસ પહેલો ગુણ છે કારણ કે તે બધા જ ગુણોની જવાબદારી લે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સગા તારેય છે, સગા મારેય છે.. ફરીથી વાંચી જુઓ બીજો અર્થ મળશે - **હિરેન ભટ્ટ**
- આજનું ઔષધ : અર્જુનની છાલનું ચૂર્ણ લાલ ચંદનના ચૂર્ણ સાથે પાંચ-પાંચ ગ્રામ સવાર-સાંજ લેવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

જેરાલ્ડ ડોબ્સન લંડનની કોર્ટના બાહોશ જજ. કોઈની સાડાબારી ન રાખે અને ન્યાયની દૃષ્ટિએ જે યોગ્ય હોય એવો જ ચુકાદો આપે.

તેમની સમક્ષ લંડનના એક અતિધનવાન ગૃહસ્થન પુત્રના કેસમાં ચૂકાદો આપવાનું આવ્યું. આરોપ એવો હતો કે કોઈકની પાસેથી પૈસા ઉધાર લેવા, પાછા ન આપવા, કોઈક ના ઘરમાંથી વસ્તુની ઉઠાંતરી કરવી, ઐયાશી કરવી જેવી અનેક નાની-મોટી ફરિયાદો તેની સામે હતી. પણ ધનિક બાપે હોંશિયાર વકિલ રાખ્યો હતો.

બચાવપક્ષના બાહોશ વકીલે આ નબીરો માનસિક રીતે બિમાર છે. એવું ડૉકટરનું પ્રમાણપત્ર રજૂ કર્યું. આ રોગમાં વ્યક્તિનું વ્યક્તિત્વ વિભાજીત (સ્પ્લીટ પર્સનાલિટી) હોય છે. એ શું કરે છે એવું એને ભાન નથી હોતું. આથી વકીલની રજૂઆતમાં નબીરાને બાઈજ્જત બરી કરવો એમ દલીલમાં કહ્યું.

ડૉબસન સાહેબે એ યુવકને કહ્યું, 'પ્રતિષ્ઠિત તબીબે કહ્યું કે તમે બે વ્યક્તિ છો એક સારી વર્તણૂક વાળા કે જેને સાચા-ખોટાંનું ભાન છે. અને બીજી વ્યક્તિ બેફામ રીતે વર્તી કાયદાનો ભંગ કરે છે. ચોરી - ઉઠાંતરીનો એને ક્ષોભ નથી. તમારી કમનસીબી છે કે તમારે બંનેને અઢાર મહિનાની સાદી કેદની સજા ભોગવવી પડે છે.'

વિજિગીષુ વૃત્તિનો વિકલ્પ નથી

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપૂર્વમાં કેસરિયો લહેરાવી ભારતીય જનતા પાર્ટીએ એના કમાન્ડ એરિયાનો અનપેક્ષિત વિસ્તાર કરવામાં સફળતા હાંસલ કરી છે. આજથી પાંચ વર્ષ પૂર્વે કોઈને આવી સફલતા સાંપડશે એવું સપનું પણ નહીં આવ્યું હોય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં પગમાં 'પદમ' હોવું જોઈએ. એ જયાં પગ મૂકે છે ત્યાં છવાઈ જઈ શકે છે એની આથી મોટી પ્રતીતિ બીજી કઈ હોઈ શકે કે બીફ ખાનારી અને કૂતરાંનું માંસ ખાનારી પ્રજાને પણ તેવો વિકાસના નામે પોતાના સર્કજામાં લઈ શક્યા છે. આસામમાં મળેલા વિજય માટે તો કદાચ બાંગ્લાદેશીઓની ઘૂસણખોરીનો મુદ્દો કેન્દ્ર સ્થાને હતો. પરંતુ ત્રિપુરાના સંત કોટિના મુખ્યમંત્રીનું દર્ભાસન (સિંહાસન નહીં જ નહીં) છીનવી લેવા માટે રૂપિયાની રેલંછેલ સાથે જ વિકાસનો મંત્ર - પછી ભલે એ હવાઈ હોય - ખપ લાગ્યો છે. માણિસ સરકારને એમની સાદી રહેણીકરણી અને પ્રજાભિમુખ વહીવટ માટે 'ભારત રત્ન' અપાય તો પણ ઓછું ગણાશે. પરંતુ પ્રજા તો રાજા રામની પણ નહોતી થઈ તે માણિક સરકારની થોડી થવાની છે ? સંઘના કાર્યકર્તાઓની હત્યા પાછળ સામ્યવાદીઓનો હાથ હોઈ શકે છે. બનવાજોગ કે ડાબેરી કાર્યકર્તાઓના પાપે માણિક સરકાર જેવા પવિત્ર અને નમૂનારૂપ મુખ્યમંત્રીને સત્તા ગુમાવવી પડી હોય. સળંગ પાંચ પાંચ ટર્મ સુધીની સરકાર વિરુદ્ધ એન્ટી ઈન્કમ્બન્સી ફેકટર પણ ઊભો થયો જ હોય. પણ એ તમામ બાબતોનું ઊંડું રાજકીય અધ્યયન કરીને, જે પાણીએ મગ ચડતા હોય એ ચડાવીને ભાજપની રાષ્ટ્રીય જુગલજોડીએ એનું લક્ષ્યાંક હાંસલ કર્યું હોય તો પણ જે જીત્યો એ સિકંદર જ ગણાય. ભારતીય જનતા પાર્ટી એના મૂળ લક્ષ્યાંક મુજબ દેશને કોંગ્રેસ મુક્ત કરવાની દિશામાં આગળ ધપી રહી છે તે પણ કાનની બૂટ પકડીને કબૂલવું પડે. રાહુલ ગાંધીએ ગુજરાતની વિધાનસભાની ચૂંટણી વખતે જે કૌવત દેખાડ્યું હતું તે ઈશાન ખૂણાનાં મૂળે ભાજપ વિરોધી વિચારસરણી ધરાવતાં રાજયોમાં નથી દેખાડી શક્યા. ભાજપે ત્રિપુરા સર કર્યું છે, નાગાલેન્ડમાં એના બંને હાથમાં લાડુ છે, મેઘાલયમાં એ તડજોડ કરીને કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી લેવાની સ્થિતિમાં છે જયારે કોંગ્રેસ મેઘાલય સિવાયનાં બે રાજયોમાં તો ખાતું સુધ્ધાં નથી ખોલાવી શકી. કોંગ્રેસના ધુરંધર નેતાઓને યેનકેન પ્રકારેણ સત્તા અને નાણાંની લાલચ આપીને કે અન્ય કોઈ પ્રકારે - વિકાસના આદર્શવાદી અંચળા હેઠળ પોતાની પાંખમાં સેરવી લેવામાં ભારતીય જનતા પાર્ટીને સફળતા સાંપડી એને આપણે રાજકીય સોદાબાજીમાં ખપાવીએ તો પણ વર્તમાન સંજોગોમાં કોંગ્રેસ હવે આવી રાજરમતમાં ભોટ સાબિત થઈ છે, એ તો કબૂલવું જ રહ્યું. રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, અને મધ્યપ્રદેશમાં થયેલ પેટા ચૂંટણીઓમાં મોદી મૅજિક સમાપ્ત થઈ રહ્યાના સંકેતો જરૂર મળ્યા હતા, પરંતુ જયારે આખા રાજયની કે દેશની ચૂંટણી હોય ત્યારે સંઘ અને મોદી એમની પૂરી સેના સાથે તૂટી પડશે તે નક્કી છે. એમની પાસે જે 'કીલિંગ ઈન્સ્ટિંક્ટ' છે - દુશ્મનને હરાવી વિજેતા થવાની જે વિજિગીષા છે, તેની કસોટી વારંવાર થતી રહી છે અને મહદંશે તેઓ એમાં પાર ઊતર્યા છે. આગામી મહિનાઓમાં આવી રહેલી ઓડિશા, કર્ણાટક અને મિઝોરમ ઉપરાંત મધ્યપ્રદેશ અને રાજસ્થાનની વિધાનસભાની ચૂંટણીઓમાં પણ જો આવી જ સફલતા સાંપડશે તો ૨૦૧૯માં પુનઃ રાષ્ટ્રનું સુકાન હસ્તગત કરતાં એમણે ઈશ્વર પણ નહીં અટકાવી શકે.

ભારતના બંધારણમાં સ્ત્રીઓ પ્રત્યેનો સામાન્ય અભિગમ ચર્તુવિર્ધ છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

માત્ર કાયદા ઘડી નાખવાથી સામાજીક સમસ્યાઓનો ઉકેલ આવતો નથી. આ માટે સમાજના દરેક વર્ગમાં જાગૃતિ અને આમુલ પરિવર્તન થવું જરૂરી છે અને આ બધુ રાતોરાત કોઈ સરકાર કરી શકે તેમ નથી. સમાજની વિચારસરણી કાયદાથી બદલી શકાતી નથી એ માટે એક માત્ર સમય જ તેનું કામ કરે છે.

કાયદાથી કોઈપણ વ્યક્તિને ચારિત્ર્યવાન કે નિતીવાન બનાવી શકાતા નથી. સમયાંતરે સમાજની વિચારસરણી બદલાતા કાયદામાં બદલાવ લાવવામાં આવે છે. પિતૃપ્રધાન સમાજમાંથી પુરૂષપ્રધાન સમાજમાં તબદીલી લાવતા ક્યારે નારીવાદી સમાજ બની ગયો તે કોઈ કહી શકે તેમ નથી. બેટી બચાવો અને બેટી પઢાવો સુત્રથી સમાજની વિચારસરણી બદલવી શકાય નહી પરંતુ દિકરીઓની સંખ્યા, બદલતી સ્થિતિ, સમાજનો બદલતો પ્રવાહ, આધુનિક શિક્ષણ પધ્ધતિ આ માટે જવાબદાર બને છે.

મહિલાઓને સન્માનીય સ્થાન આપોઆપ જ મળી જતું નથી. આ માટે નારીવાદ અભિગમ અપનાવવો પડે છે. નારીવાદી સંસ્થાઓએ માત્ર ગરબા, મહેંદી, બ્યુટીપાર્લરની પ્રવૃત્તિમાંથી બહાર આવી વ્યવસાય લક્ષી અભિગમ અપનાવી સ્ત્રીઓને પગભેર કરવા પ્રયત્ન કરવો જોઈએ. સ્વરોજગારીથી આત્મબળ આપોઆપ આવે છે. આત્મબળમાં વધારો થતા કાયદા પ્રત્યે સભાન થઈ વિચારતા થાય છે અને અન્યાય સામે તો જ અવાજ ઉઠાવી શકે છે. મહિલાઓને પડતી આર્થીક અને સામાજીક મુશ્કેલીઓનો હલ શોધી માર્ગદર્શન આપવા રૂઢીગત વિચારસણીમાંથી નારીવાદી સમાજ રચના તરફ બદલાવ લાવવો એ માત્ર કાયદાનું કામ નથી પરંતુ અન્યાય, અત્યાચાર અને તિરસ્કાર તથા જાતિ ભેદ, લીંગ ભેદ સામે અવાજ ઉઠાવી પોતાને મળતા હક્કોનું રક્ષણ કરવા તથા આત્મ સન્માન મળે તો જ સમાજમાં કાયદાના ડરથી નહિ પરંતુ માનવીય અભિગમથી સમાજમાં બદલાવ આવી શકે છે. આ માટે મહિલાઓએ જાગૃત થવું પડશે, શિક્ષીત થવું પડશે તથા હક્કો માટે લડવા સક્ષમ થવું પડશે તોજ સામાજીક જાગૃતીથી મહિલાઓને સન્માન મળશે.

સ્ત્રીઓને દરેક ક્ષેત્રમાં સમાન તક, સમાન હક્ક, દરજ્જો આપવો એ પ્રથમ અભિગમ હોવો જોઈએ

ભારતના બંધારણમાં સ્ત્રીઓ પ્રત્યેનો સામાન્ય અભિગમ ચર્તુવિર્ધ છે. સ્ત્રીઓને દરેક ક્ષેત્રમાં સમાન તક, સમાન હક્ક, દરજ્જો આપવો જોઈએ એ પ્રથમ અભિગમ હોવો જોઈએ સ્ત્રીઓને વિશેષ કાયદાથી રક્ષીત કરવામાં આવી છે જેનું સંપૂર્ણ પાલન કરવું એ દ્વિતીય અભિગમ છે. જાતી ભેદ, લીંગ ભેદ દૂર કરી સમાજના નબળા વર્ગની સ્થિતિ સુધારવા માટે રાજયોએ સવિશેષ પ્રયત્નો કરવા જોઈએ.

બંધારણની કલમ-૧૫ મુજબ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લીંગ, જન્મ સ્થાનને કારણે કોઈપણ સ્ત્રીઓ કે નાગરિક સામે ભેદભાવ રાખવોએ કાયદાકિય ગુન્હો ગણાય છે. કલમ-૧૯ મુજબ વાણી, વ્યક્તિ, સ્વતંત્રતા જળવાવી જોઈએ તથા કલમ-૩૮ થી ૪૨ મુજબ સ્ત્રીઓને પુરૂષ સમોવડી ગણી સમાન ન્યાય તથા સામાજીક સુવ્યવસ્થા ઉત્પન્ન કરી તેને નિભાવવાની જવાબદારી સ્ત્રી પુરૂષની સમાન રીતે છે. સમાન સીવીલ કોડએ હાલના સમયમાં પાયાની જરૂરીયાત છે. બંધારણની કલમની જોગવાઈઓ મુજબ આ માટે રાજય સરકારે પગલા ભરવાના રહે છે. સ્ત્રીના ગૌરવનું રક્ષણ કરવું, શોષણ અટકાવવું એ દરેક નાગરિકની પવિત્ર બંધારણીય ફરજ છે. જે મુજબ સ્ત્રીને બંધારણની કલમ ૫૧ (એ) (ઈ) થી રક્ષીત કરવામાં આવેલ છે.

ભારતના બંધારણની કલમ ૨૧ મુજબ સ્ત્રીને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર બક્ષવામાં આવેલ છે તથા સ્ત્રીઓને નોકરીમાં નુકશાન કારક નિતી નિયમો કે કાયદાઓ બનાવી શકાય નહિ પછી ભલે ને આવા નિયમો સરકારે બનાવ્યા હોય તો તે મૂળભૂત હક્કોના ભંગ સમાન ગણી તેને વ્યર્થ ગણવામાં આવે છે.

એર ઈન્ડીયામાં સ્ત્રીઓને નોકરીમાં રાખતા પહેલા ૪ વર્ષ સુધી લગ્ન નહિ કરવા તથા ગર્ભવતી થવા પર પ્રતિબંધ મુક્તી શરત નામદાર સુપ્રિમ કોર્ટે રદબાતલ ઠરાવી સ્ત્રીના વ્યક્તિ સ્વતંત્રના ઉપર તરાપ સમાન ગણેલ તથા પતિને પત્નિનું મેટ્રોમોનિઅલ હોમ પસંદ કરવાનો અધિકાર નથી. વ્યભિચારના ગુન્હામાંથી સ્ત્રીઓને મુક્તિ મળેલ છે જે સામે સુપ્રિમમાં વિવાદ ચાલુ છે. સમાન સીવીલ કોડ અમલી બનતા સ્ત્રીઓની સામે પણ વ્યભિચારનો ગુન્હો લાગુ કરવામાં આવશે. જામીન ઉપર છુટા થવા માટે સ્ત્રીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડમાં વિશેષ હક્કો આપવામાં આવ્યા છે. ગર્ભવતી સ્ત્રીઓને પણ કાયદાથી રક્ષીત કરવામાં આવેલ છે. ઈ.પી.કોડની કલમ ૩૫૪ મુજબ સ્ત્રી ઉપરના અશિષ્ટ આક્રમણ ગુન્હામાં

અનુસંધાન પાના નં. ૭ પર

બાળકોને તમારો પ્રેમ આપો, તમારો વિચાર નહીં...

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

'તમારાં બાળકો તમારાં નથી, પોતાને ઝંખતા જીવનનાં એ સંતાનો છે. તમે એમને તમારો પ્રેમ આપજો - પણ તમારા વિચારો નહીં, કારણ કે તેમને તેમના ખુદના વિચારો છે.'

- ખલિલ જિબ્રાન

દરેક બાળક વિશેષ કંઈ જ નથી ઈચ્છતું, માત્ર બે જ શબ્દો હંમેશા તેના આતુર ચહેરા પર આલેખાયેલા હોય છે : 'મને સમજો.' બાળકને કંઈક સમજાવવું હોય તો ઉદાહરણ દ્વારા સમજાવવાથી તેને વધુ સારી રીતે એ બાબત સમજાવી શકાય. અલબત્ત, ઉંમરના કોઈ પણ પડાવે ઉદાહરણ દ્વારા કોઈ બાબત સમજવી વધુ આસાન હોય છે એ બાબત બે દૃષ્ટાંત કથાઓ નવીનદાસ સંઘવી દ્વારા ખૂબ સુંદર રીતે આલેખાયેલી છે :

માનવીનું મન એટલું અતાગ છે અને તેની આજુબાજુની પરિસ્થિતિ એવી સંકુલ હોય છે કે બેમાંથી એકેની તત્કાળ અને સચોટ પરખ કરવાનું કાર્ય અત્યંત મુશ્કેલ હોય છે. પોતાની નિરીક્ષણ-શક્તિ, અનુભવ કે બુદ્ધિપ્રતિભાને કારણે આવી પરખ કરવાની શક્તિ જેનામાં આવે છે તે માણસને માટે આ દુનિયાના બધા દરવાજા ખૂલી જાય છે.

નંદ વંશના છેલ્લા રાજવી ધનનંદના સૈન્યમાં અધિકારીનો હોદ્દો ધરાવનાર ચંદ્રગુપ્ત મૌર્ય પોતાને સહન કરવા પડતાં અપમાન અને અવહેલનાથી અત્યંત દુઃખી થતો હતો, પણ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ તેને સૂઝતો ન હતો. એક વખત નદીકિનારે જતાં તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું કે લગભગ પોતાના જેટલી જ ઉંમરનો એક યુવાન બ્રાહ્મણ કાંઠા પર ઊગેલા ધારવાળા ઘાસને ખેંચી કાઢીને તેનાં મૂળમાં થોડું મધ રેડી રહ્યો હતો. આ અજબ વર્તનનું કારણ પૂછતાં પેલા બ્રાહ્મણે ખુલાસો કર્યો કે સવારે સ્નાન માટે જતી વખતે આ ધારદાર ઘાસથી કેટલીક વખત તેના પગમાં લોહી નીકળે છે, માટે આ ઘાસ જળમૂળથી નાબૂદ કરી દેવા તે મૂળમાં મધ રેડી રહ્યો છે કે જેથી કીડીઓ અંદર ઘૂસીને મૂળને ખાઈ જાય. આટલી તીવ્ર બુદ્ધિમત્તા અને આટલી ચુસ્ત કાર્યનિષ્ઠા ધરાવનાર બ્રાહ્મણ પોતાને ચોક્કસ ઉપયોગી થઈ પડવાનો, તેવું પારખીને ચંદ્રગુપ્તે તેની જોડે મૈત્રી બાંધી અને નભાવી. કુટલક વંશના આ બ્રાહ્મણનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય. મૌર્ય વંશની સ્થાપના કરવામાં તેણે બજાવેલી કામગીરી ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

●●●

ચીનના અત્યંત વિચક્ષણ શહેનશાહ ત્સાઈ-ત્સુંગ એક જેલની મુલાકાતે ગયા હતા. ગંભીર ગુનાઓ માટે લાંબી સજા ભોગવતા કેદીઓને ભેગા કરીને તેમણે એક સવાલ પૂછ્યો કે, 'તમે બધા વરસોથી અહીં છો અને હજુ વરસો સુધી રહેવાના છો. તમને કદી તમારાં બૈરીછોકરાં, સગાંવહાલાંને મળવાનું, તેમની જોડે રહેવાનું મન થાય છે ખરું ?' કેદીઓનાં મોં પરની ઉત્કટ આતુરતા જોઈને તેમણે કહ્યું : 'હું તમને એક મહિનાની છૂટ્ટી આપું તો તમે બધાં પોતપોતાની મેળે પાછા આવશો ?' બધાએ હા કહી અને ત્સાઈ-ત્સુંગે આ બધાને મહિના માટે ઘેર રહેવા જવાની છૂટ આપી. મહિના પછી જયારે એકેએક કેદી પાછો ફર્યો હતો ત્યારે ત્સાઈ-ત્સુંગે પોતાના ઉચ્ચ અધિકારીઓની સભા બોલાવી. 'આવું કઠોર એમનું જીવન હોવા છતાં આપેલું વચન પાળનાર આ કેદીઓને હું મારા રાજયના સૌથી પ્રામાણિક માણસો માનું છું. આવા માણસો જેલમાં હોય તેમાં કાં તો સમાજની હલકાઈ છે અથવા મારા વહીવટની ખામી છે.' તેવું કહીને તેમણે વહીવટી અને ન્યાયતંત્રમાં અસંખ્ય સુધારા કરાવેલા. કોઈ પણ માણસને ફાંસી આપવાના હુકમ પર શહેનશાહની સહી હોવી જોઈએ અને આ સહી કરતાં પહેલાં શહેનશાહે આખો દિવસ અપવાસ કરવો પડે, તેવો નિયમ તેમણે ઘડેલો.

●●●

અમેરિકાની સૌથી નામીચા અને ઘાતકી કેદીઓ સાચવનારી સીંગ સીંગ જેલના અધિકારી જેમ્સ માર્શલ અને તેમનાં પત્નીએ ૨૦-૨૫ વરસ તેમના કેદીઓને ઘણા સમભાવથી સાચવેલા. શ્રીમતી માર્શલ ગુજરી ગયાં ત્યારે ખ્રિસ્તી રિવાજ મુજબ તેમનું શબ ત્રણ દિવસ દેવળમાં રખાયું હતું. બીજે દિવસે કેદીઓની માગણી આવી : 'અમારે શ્રીમતી માર્શલને છેલ્લી અંજલિ આપવા માટે દેવળમાં જવું છે.' લાંબી ગડમથલ પછી માર્શલે આ ભયંકર જોખમ ઉઠાવ્યું. અંધારી રાતે દરવાજા ખૂલ્યા અને ચોવીસ નામચીન ગુનેગારો ત્રણ માઈલ દૂર આવેલા દેવળમાં ચોકીપહેરા વગર પહોંચ્યા; થોડી વાર માથું નમાવીને ઊભા રહ્યા અને ફરી પાછા તાળાબંધ થવા આવી પહોંચ્યા.

આવી પરખ અત્યંત જોખમી હોય છે અને ખોટી પડે તો તેનાં પરિણામો પણ ભયંકર આવે છે. પણ આવા ભયને ગાંઠે અને જોખમથી ગભરાય, તે જિંદગી જાણે અને માણે કેવી રીતે ?

બાલ્યાવસ્થાથી શરૂ થયેલી જીવનની સફર અનુભવના ખેડાણો સર કરીને અનવના લોકો અને પરિસ્થિતિની પરખ દ્વારા વ્યક્તિત્વની એક એવી અવસ્થાને પહોંચી શકે કે જયાં કશું જ અશક્ય ન હોય ! આ અવસ્થા સુધી પહોંચવું એ જ વ્યક્તિત્વની સાચી સફર !

Last Seen :

આંખ ઊંચા તારલાના તેજને ચૂમી રહી...
પાંખ આ 'શાહબાઝ'ની ગગને બધે ઘૂમી રહી -
આ ગગન ટૂંકું પડે, બીજું ગગન આપો મને !

- 'શાહબાઝ'

- nehalgadhavi101@gmail.com

મહાત્મા ગાંધીની હત્યામાં બ્રિટિશ ગુપ્તચર એજન્સીના કાવતરાનો તર્ક

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- અદાલતમિત્ર અમરેન્દ્ર શરણે રાષ્ટ્રપિતાની હત્યાના ખટલાને ફરી ખોલવાની વિરુદ્ધ અભિપ્રાય આપ્યો છે
- ચોથી ગોળી પોલીસને ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ગ્વાલિયરમાં ડૉ. પરચુરેના ઘરના વાડામાંથી મળી હતી
- હિંદુ મહાસભાના બી. જી. કેસકરે 'હુ કિલ્ડ ગાંધીજી? નોટ ગોડ્સે, હુ ધેન?' માં બીજી વ્યક્તિ કૉંગ્રેસી ગણાવી'તી
- નથુરામ ગોડસેના હિટલિસ્ટ પર મહાત્મા પછી નેહરુ અને સરદાર હોવાનું ઈતિહાસકારોએ સ્પષ્ટ નોંધ્યું છે

દેશના રાષ્ટ્રપુરુષોનાં મૃત્યુ કે હત્યાનાં કથિત રહસ્યો અંગે વાદવિવાદ ચાલુ જ રહે છે. હમણાં વધુ એક વાર મહાત્મા ગાંધીની હત્યાના કથિત વણઉકલ્યા રહસ્યની વાતને આગળ કરીને, એક સાવરકરવાદી સંશોધક અને 'અભિનવ ભારત'ના ટ્રસ્ટી ડૉ.પંકજ કુમુદચંદ્ર ફડણીસ, હત્યાના ખટલાને ફરીથી ખોલવાની વિનંતી સાથે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. સદનસીબે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ એસ. એ. બોબડે અને એલ. નાગેશ્વર રાવે આવા સંવેદનશીલ પ્રકરણ અંગે અદાલતના મિત્ર (ઍમિકસ ક્યુરી) તરીકે અમરેન્દ્ર શરણને નિયુક્ત કરીને એમનો અહેવાલ મેળવી લીધો છે.આશ્ચર્યજનક મુદ્દો એવો નોંધવામાં આવ્યો છે કે મહાત્માની હત્યા માટે નથુરામ ગોડસે ઉપરાંત જે બીજી કથિત વ્યક્તિએ ગોળી છોડી હોવાનો દાવો કરનાર વ્યક્તિને પોતે તબીબી સારવાર આપી હતી, એવું સોગંદનામું ડૉ. નેનેએ રજૂ કર્યું છે. અદાલતમિત્રનો અહેવાલ તૈયાર થયા પછી ડૉ. નેનેનો ૨ ડિસેમ્બર ૨૦૧૭નો પત્ર અને સોગંદનામું ૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મળ્યાની નોંધ એમણે અહેવાલના અંતમાં કરી છે. અદાલતમિત્ર આ સોગંદનામાને '૬૦ વર્ષ પછી કરાયેલા અને સાંભળેલી વાત પર આધારિત' હોવાથી ધ્યાને લેવાપાત્ર અને વિશ્વસનીય લેખતા નથી.

અદાલતના મિત્ર એવા વરિષ્ઠ ધારાશાસ્ત્રી શરણે આપેલો ૩૬ પાનાનો અહેવાલ હવે જાહેર થયો છે. એમાં દર્શાવેલી વિગતો અરજદારની, અગાઉ જૂન ૨૦૧૬માં મુંબઈની વડી અદાલતે ફગાવેલી આવી અરજીમાં તથ્ય નહીં હોવાની વાતને અનુમોદન આપે છે. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અદાલતે અરજદારને તેણે ન્યૂ યોર્કની લાઈબ્રેરી કૉંગ્રેસમાંથી મેળવેલા મનાતા દસ્તાવેજો રજૂ કરવા માટે તક આપી. હવે આગામી ૬ માર્ચે આ મામલો અદાલત સમક્ષ કેવો વળાંક લે, એના ભણી સૌની મીટ મંડાયેલી છે. સર્વોચ્ચ અદાલત આ ખટલાને ફરી ખોલવાયોગ્ય ઠરાવે તો મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર અરુણ મણિલાલ ગાંધી એમાં પોતાને પણ જોડવામાં આવે, એવી તૈયારી કરી ચૂક્યા છે.મુંબઈનિવાસી તુષારે મહાત્માની હત્યાના સંદર્ભમાં વિશદ અભ્યાસ કરીને ''લેટ્સ કિલ ગાંધી'' નામક દસ્તાવેજી ગ્રંથ લખ્યો છે.

ગોડસે-આપ્ટેને ફાંસી, સાવરકર છૂટી ગયા

૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સાંજના પ.૧૫ કલાકે નથુરામ ગોડસેએ છોડેલી ત્રણ ગોળીથી રાષ્ટ્રપિતાની હત્યા કરાયાનું સેશન્સ કોર્ટ અને વડી અદાલતમાં પૂરવાર થયા પછી ૨૧ જૂન ૧૯૪૯ના રોજ દોષિત જાહેર થયેલા અને મૃત્યુદંડની સજા પામેલા નથુરામ ગોડસે અને નારાયણ આપ્ટેને ૧૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ ફાંસી અપાઈ હતી.આ ખટલાના ૬ પ્રત્યક્ષદર્શીઓ હતા. હિંદુ મહાસભાના સર્વોચ્ચ નેતા વિનાયક દામોદર સાવરકર સહિત કુલ ૧૨ જણાને આરોપી દર્શાવાયા હતા. ગોડસે અને આપ્ટે ઉપરાંત વિષ્ણુ કરકરે, મદનલાલ પાહવા, શંકર કિસ્તય્યા, ગોપાલ ગોડસે (નથુરામનો ભાઈ), દત્તારામ પરચુરે, દિગંબર બડગે, ગંગાધર દંડવતે, ગંગાધર જાધવ અને સૂર્યદેવ શર્મા. નથુરામ અને આપ્ટેને ફાંસીની સજા થઈ હતી. કરકરે, પાહવા અને ગોપાલને આજીવન કેદ, સાવરકરને નીચલી અદાલતમાં જ છોડી મૂકાયા હતા. બડગેએ તાજના સાક્ષી થવાનું પસંદ કર્યું હતું, જયારે બાકીના ત્રણ આરોપી ભાગેડુ જાહેર થયા હતા. ગાંધીજીની હત્યામાં ગોળી છોડનાર નથુરામ ઉપરાંત અન્ય વ્યક્તિ પણ હોવાની શંકા ઉપરાંત ત્રણ ગોળીને બદલે ચોથી ગોળી મળ્યા વિશે પ્રશ્નો ઊભા કરાતાં વર્ષ ૧૯૬૬માં ભારત સરકારે નિયુક્ત કરેલા જીવણલાલ કપૂર તપાસ પંચને પણ એ બાબતમાં કોઈ તથ્ય જણાયું નહોતું.

ત્રીજી ગોળી બાપુનાં કપડાંમાંથી મળી

સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન ખટલામાં ચાર ગોળી મળ્યાની તથા નથુરામ ઉપરાંત અન્ય વ્યક્તિએ પણ ગોળી છોડ્યાની વાતને આગળ કરવા ઉપરાંત બ્રિટિશ જાસૂસી તંત્ર થકી ઘડાયેલા મનાતા કાવતરાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગાંધીહત્યા પ્રકરણને લગતા હજારો પાનાંના દસ્તાવેજોનો અભ્યાસ કરીને અદાલતમિત્ર એવા તારણ પર આવ્યા છે કે અદાલતે ડૉ. ફડણીસની વાતને સ્વીકારવા યોગ્ય નથી. ગાંધીજીની હત્યા તેમની પર નથુરામે છોડેલી ત્રણ ગોળીથી થઈ હતી. ચોથી ગોળીનો સંબંધ હત્યા સાથે આવતો નથી, કારણ જયારે પોલીસ નારાયણ આપ્ટેને ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ગ્વાલિયર લઈ ગઈ હતી ત્યારે તે ગ્વાલિયરમાં ડૉ. પરચુરેના ઘરના વાડામાંથી મળી હતી. નથુરામે માત્ર ત્રણ ગોળી ચલાવી, ત્રણ અવાજ થયા અને મહાત્માની હત્યા કર્યાની કબૂલાત આપી હતી. ગાંધીજીના શરીરમાં ત્રણ જ ગોળીનાં નિશાન હતાં. એક છાતીમાં વાગી હતી અને બે પેટમાં વાગી હતી. સ્થળ પરથી બે ગોળી અને ત્રણ ખાલી કાર્ટીઝ મળી હતી. મહાત્મા ગાંધીનું પોસ્ટમોર્ટમ થયું નહોતું, પણ એમને અંતિમ સ્નાન કરાવતી વખતે તેમનાં વસ્ત્રોમાંથી મળેલી ત્રીજી ગોળી એમના પુત્ર દેવદાસ ગાંધીએ પોલીસને સુપરત કરી હતી.

ગાંધીજીની જે તસવીર અરજદારે રજૂ કરી હતી, એ પણ ચાર ગોળી વાગ્યાની વાતને સમર્થન આપવા પ્રેરતી નથી. વળી, મોસ્કોમાં ભ